# S.U.G. College of Education, Vasna, Ahmedabad

## Semester-1

## EPC-2

## Art in Education

## શિક્ષણમાં કલા

Dr. Darshana M. Patel

# ભગવદ્ ગોમંડળમાં જણાવ્યાનુસાર કલા મુખ્ય રીતે ચોસઠ પ્રકારની છે.

- (1) ગીત (ગાવું)
- (2) વાદ્ય (બજાવવું)
- (3) નૃત્ય (નાચવું)
- (4) નાટ્ય (અભિનય કરવા)
- (5) આલેખ (ચીતરવું)
- (6) વિશેષકરછેદ્ય (તિલકનો સંચો બનાવવો)
- (7) તંડુલ – કુસુમાવલિ – વિકાર (ચોખા અને ફૂલોનો ચોક પૂરવો)
- (8) પુષ્માસ્તરણ (ફૂલોની સેજ બનાવવી)
- (9) દશનવસનાંગરાગ (દાંત અને અંગોને રંગવાની વિધિ જાણવી)
- (10) મણિભૂમિકાકર્મ (ઋતુને અનુકૂળ ઘર ચણવું.)

- (11) શયનરચના (પલંગ બિછાવવો)
- (12) ઉદકવાદ્ય (જલતરંગ બજાવવું)
- (13) ઉદકઘાત (ગુલાબદાની વાપરવાની વિદ્યા)
- (14) ચિત્રયોગ (અવસ્થા પરિવર્તન કરવી એટલે કે જુવાનને બુઢ્ઢો કે બુઢ્ઢાને જુવાન બનાવવો)
- (15) માલ્યગ્રંથન વિકલ્પ (દેવપૂજાને માટે કે પહેરવાને માટે માળા ગૂંથવી)
- (16) કેશશેખરાપીઠ યોજન (શિખર ઉપર ફૂલોથી અનેક જાતની રચના કરવી કે માથાના વાળમાં ફૂલ લગાવી ગૂંથવું)
- (17) નેપથ્યયોગ (દેશકાળ અનુસાર વસ્ત્ર, આભૂષણ વગેરે પહેરવાં)
- (18) કર્ણપત્રભંગ (કાને પહેરવા માટે કર્ણફૂલ વગેરે આભૂષણ બનાવવાં)
- (19) ગંધયુક્તિ (સગંધી પદાર્થ બનાવવા)
- (20) ઇંદ્રજાલ (જાદુગરીના પ્રયોગો)

- (21) કૌચમારયોગ (કદરૂપાને સુંદર બનાવવું)
- (22) ભૂષણયોજના (ઘરેણાં પહેરવાની પદ્ધતિ)
- (23) હસ્તલાઘવ (હાથની ચાલાકી)
- (24) ચિત્રશાકાપૂપભક્ષ્ય વિકાર ક્રિયા (અનેક જાતનાં શાક)
- (25) પાનકર સરાગાસવયોજન (અનેક જાતનાં શરબત, અર્ક અને શરાબ વગેરે બનાવવાં)
- (26) સૂચિકર્મ (સીવવું)
- (27) સૂત્રકર્મ (સીવણકામ)
- (28) પ્રહેલિકા (બીજાને બોલતો બંધ કરવા માટે ગૂંચવણભરેલા પ્રશ્નો પૂછવા)
- (29) પ્રતિમાલા (અંત્યાક્ષરી કહેવી)
- (30) દુર્વાચકયોગ (કઠિન પદો અને શબ્દોના અર્થ કાઢવા)

- (31) પુસ્તકવાચન (સ્પષ્ટ રીતે પુસ્તકનું વાચન કરવું)
- (32) કાવ્યસમસ્યા પૂર્તિ (કવિતાની પાદપૂર્તિ કરવી)
- (33) પટ્ટિકા વેત્રગણવિકલ્પ (દોરી કે નેતરથી ભરવું)
- (34) નાટિકાવ્યાયિકાદર્શન (નાટક જોવું ને બનાવવું)
- (35) તર્કકર્મ (દલીલ કરવી)
- (36) તક્ષણ (સુથાર તથા કડિયાનું કામ)
- (37) વાસ્તુવિદ્યા (ઘર બનાવવું)
- (38) રૂપ્યરત્નપરીક્ષા (સોના, ચાંદી તથા રત્નોની પરીક્ષા)
- (39) ધાતુવાદ (કાચી ધાતુ સાફ કરવી)
- (40) મણિરાગજ્ઞાન (રત્નોના રંગ જાણવા)

- (41) આકારજ્ઞાન (ખાણની વિદ્યા)
- (42) વૃક્ષાયુર્વેદયોગ (વૃક્ષનું જ્ઞાન, ચિકિત્સા તથા રોપવાની વિધિ)
- (43) મેષ કુક્કટલાવક યુદ્ધ વિધિ (મરઘાં, કુકડાં, લાવક વગેરે પક્ષીને
- લડાવવાની ક્રિયા)
- (44) શુકસારિકા આલાપન (પોપટ, મેના પઢાવવાં)
- (45) ઉત્સાહન (શરીર ચોળવું)
- (46) અક્ષરમુષ્ટિકાકથન (કરપલ્લવી)
- (47) કેશમાર્જન (કુશળતાથી વાળ ઓળવા તથા તેલ નાખવું)
- (48) મલેચ્છિતકલા વિકલ્પ (મ્લેચ્છ  અથવા વિદેશી ભાષાઓ જાણવી)
- (49) દેશી ભાષાજ્ઞાન (પ્રાકૃતિક બોલીઓ જાણવી)
- (50) પુષ્પશકટિનિમિત્તજ્ઞાન (વાદળાં ગાજવાં, વીજળી ચમકવી વગેરે  દૈવી લક્ષણ જાણીને આગાહી ભાખવી)

- (51) યંત્રમાતૃકા (યંત્રનિર્માણ)
- (52) ધારણમાતૃકા (સ્મરણશક્તિ વધારવી)
- (53) પાઠ્ય (કોઈને બોલતું ગાતું સાંભળી તે પ્રમાણે બોલવું, ગાવું)
- (54) માનસી કાવ્યક્રિયા (મનમાં કાવ્ય કરીને શીઘ્ર કહેવું)
- (55) ક્રિયાવિકલ્પ (ક્રિયાનો પ્રભાવ બદલવો)
- (56) છલિતકયોગ (છલ કે ધૂર્તતા કરવી)
- (57) અભિધાન કોષ (છંદોનું જ્ઞાન)
- (58) વસ્ત્રગોપન (વસ્ત્રોની રક્ષા કરવી)
- (59) દ્યુતવિશેષ (જુગાર રમવો)
- (60) આકર્ષણક્રીડા (પાસા વગેરે ફેંકવા)

- (61) બાળક્રીડા કર્મ (બાળકને રમાડવું)
- (62) વૈનાયકી વિદ્યાજ્ઞાન (વિનય, શિષ્ટાચાર, ઈલ્મ વગેરે કરવાં)
- (63) વૈજયિકી વિદ્યાજ્ઞાન (જય મેળવવાને માટે જાણવાની ક્રિયા જેમકે, શિકાર, લશ્કરી તાલીમ વગેરે)
- (64) વૈજ્ઞાનિકી વિદ્યાજ્ઞાન (રાગ, વાદ્ય , પરખ, નાડી, ન્યાય, તરવું, તંતરવું અને ચોરી કરવી)
-
-